/

રાજ્ય સરકારની ઇ-ગવર્નન્સની નીતિ અન્વયે
વર્ગ-૧ થી વર્ગ-૩ની સીધી ભરતીમાં કોમ્પ્યુટરની
જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૭/૩૪૨૨૭૮/ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૮/૨/૨૦૦૮

<u>વંચાણે લીધા:</u> (૧) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૦૩/૬૭૨(૧)/ગ.૨,
તા.૧૧/૮/૨૦૦૩ અને તા.૧૭/૮/૨૦૦૪.
(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૩/૬૭૨(૧)/ગ.૨,
તા.૧૩/૧/૨૦૦૫, તા.૨૪/૬/૨૦૦૫ અને તા.૧/૨/૨૦૦૬.
(૩) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૬/૧૨૮૩/ગ.૨,
તા.૧૦-૮-૨૦૦૬ તથા તા.ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૭/૩૯૭૧૨૧/ગ.૨,
તા.૨૧/૧૧/૨૦૦૭.
(૪) સામાન્ય વહીવટ વિભાગનું જાહેરનામું ક્રમાંક:જીએસ-૨૦૦૬/ખતપ-૩૧/
૧૦૨૦૦૫/૧૫૧૩/ક, તા.૩૦/૯/૨૦૦૬.
(૫) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક,
તા.૩૦/૯/૨૦૦૬

## <u>ઠરાવ</u>

રાજ્ય સરકારની ઇ-ગવર્નન્સની નીતિ અન્વયે વર્ગ-૧ થી વર્ગ-૩ની જગ્યાએ સીધી ભરતીથી તેમજ બઢતીથી નિમણૂંક પામનાર કર્મચારીને કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવામાં આવેલ છે. ઉમેદવારની સીધી ભરતીથી નિમણૂંકની પાત્રતા માટે, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૧/૨૦૦૫, તા.૨૪/૬/૨૦૦૫, તા.૧/૨/૨૦૦૬, તા.૧૦/૮/૨૦૦૬ અને તા.૨૧/૧૧/૨૦૦૭ના ઠરાવોથી, સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેક્નીક/તાલીમી સંસ્થામાંથી મેળવેલ કોમ્પ્યુટરને લગતાં વિવિધ અભ્યાસક્રમો/કોર્સના પ્રમાણપત્રો/માર્કશીટને સી.સી.સી. લેવલ સમકક્ષ કે તેથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેના અનુસંધાને કેટલાંક વધુ અભ્યાસક્રમોને સી.સી.સી.લેવલથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમો તરીકે જાહેર કરવાની બાબત વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના પરામર્શમાં સરકારની વિચારણા હેઠળ હતી. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની અનુમતિ અન્વયે આ સાથેના પરિશિષ્ટ-'અ'માં દર્શાવવામાં આવેલાં અભ્યાસક્રમોને આથી સી.સી.સી. લેવલથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમો તરીકે જાહેર કરવામાં આવે છે.

રાજ્ય સરકારની ભરતી કરનાર એજન્સીએ ભરતી નિયમોની જોગવાઈઓ અન્વયે ઉમેદવારની કોમ્પ્યુટર જ્ઞાન અંગેની જાણકારી માટે DOEACC સોસાયટીના સી.સી.સી. લેવલ ઉપરાંત આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમોના પ્રમાણપત્રોને પણ માન્ય ગણવાના રહેશે.

(પાછળ)

૨. વધુમાં એમ પણ ઠરાવવામાં આવે છે કે, રાજ્યસેવા/પંચાયતસેવામાં કોઈ જગ્યા પર ફરજો બજાવતા અને સંદર્ભ (૪) અને (૫)માં દર્શાવેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬નાં જાહેરનામા/ઠરાવની જોગવાઈ મુજબ, ઉપરની જગ્યાએ બઢતી/ઉચ્ચત્તર પગારધોરણ માટે સ્પીપા/આઈ.ટી.આઈ. સંસ્થાઓ દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી./સી.સી.સી.પ્લસ લેવલની પરીક્ષા પાસ કરેલ હોય તેવા કર્મચારી/અધિકારી જો ત્યારબાદ કોઈ બીજી જગ્યા માટે સીધી ભરતીથી પસંદગી થઈ તે જગા પર નિમણૂક પામે તો તે સંજોગોમાં સંબંધિત કર્મચારી/અધિકારીએ સીધી ભરતીથી તેવી નિમણૂકના પ્રસંગે DOEACC સોસાયટી માન્ય સી.સી.સી. કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરવાની રહેશે નહીં; એટલેકે જે કર્મચારી/અધિકારીએ બઢતી/ઉચ્ચત્તર પગારધોરણ માટે સ્પીપા/આઈ.ટી.આઈ. સંસ્થાઓ દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી./સી.સી.સી.પ્લસ લેવલની પરીક્ષા અગાઉ પાસ કરેલ હોય તેવા ઉમેદવારોને સીધી ભરતીથી નિમણૂકના પ્રસંગે DOEACC સોસાયટી માન્ય સી.સી.સી. કે અન્ય સમકક્ષ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર,
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર,
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર,
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,

સચિવાલયના તમામ વિભાગો (નિયંત્રણ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાના ધ્યાને મૂકવાની વિનંતીસહ)
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/અધિકારીઓ,
<u>સીલેક્ટ ફાઈલ/ગ.ર શાખા.</u>

- પત્ર દ્વારા

સામાન્ય વહીવટ વિભાગના તા.૮/૨/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૦૭/૩૪૨૨૭૮/ગ.૨નું

પરિશિષ્ટ-'અ'

DOEACC સોસાયટીના સીસીસી લેવલથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમોની યાદીઃ-

| ક્રમાંક | અભ્યાસક્રમનું નામ | | યુનિવર્સિટીનું નામ |
|---|---|---|---|
| ૧. | પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એપ્લીકેશન | - | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી |
| ૨. | બી.ઈ. પાવર ઈલેક્ટ્રોનિક્સ | - | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| 3. | એડવાન્સ્ડ ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન | - | સી.યુ.શાહ સાયન્સ કોલેજ, અમદાવાદ |
| ૪. | એડવાન્સ્ડ ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન | - | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વવિદ્યાલય |
| ૫. | બી.એસસી. ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | - | ગુજરાત યુનિવર્સિટી |
| ૬. | એમ.એસસી. ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | - | ગુજરાત યુનિવર્સિટી |
| ૭. | બેચલર ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન | - | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| ૮. | પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એપ્લીકેશન | - | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| ૯. | બી.એસસી.(કોમ્પ્યુટર સાયન્સ) | - | સરદાર પટેલ યુનિવર્સિટી |
| ૧૦. | માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સાયન્સ | - | ભાવનગર યુનિવર્સિટી |
| ૧૧. | એડવાન્સ ઈલેક્ટ્રોનિક્સ કોમર્સ કોર્સ | - | ગુજરાત રાજ્ય વ્યાવસાયિક પરીક્ષા બોર્ડ |

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ.